કોંગી દ્વારા પંચાયત પરિષદના હક્કો અંગે ૨૩મીએ દેખાવો

અમદાવાદ,તા. ૧૬

ગુજરાત વિધાનસભાની આ વખતની ચૂંટણી ગુજરાતની પ્રજા માટે આઝાદીની લડાઇ સમાન હતી, માંડ માંડ સત્તામાં આવેલી બાજપ સરકારમાં સત્તાની સાઠમારી અને મલાઇદાર ખાતા માટે હુંસાતુંસી જોવા મળી રહી છે. ભાજપ એકબાજુ ખાતાની ભાગબટાઇમાં વ્યસ્ત છે ત્યારે બીજીબાજુ, ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારનો બે ટંકનો રોટલો પણ મળતો નથી.

આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં કોંગ્રેસ પંચાયતોના હક્કો પર ભાજપની તરાપ નીતિ અને અધિકાર છીનવતા રાજકારણ સામે મક્કમતાપૂર્વક લડશે અને તા. ૨૩મી જાન્યુઆરીએ ગાંધીનગરના સત્યાગ્રહક છાવણી ખાતે પંચાયત પરિષદના હક્કો અંગે વિરોધ પ્રદર્શન અને ધરણાં કરશે એમ અત્રે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું. ભરતસિંહ સોલંકીએ ભાજપ પર પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતની પ્રજા પર બહુમતીના જોરે છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાત રાજ કરતી ભાજપની નિષ્ફળ નીતિઓથી લોકો ખૂબ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. દરેક વર્ગ અને વયના લોકોનો સરકાર સામે ઉગ્ર રોષ છે. ગુજરાતના ગામડાઓ આજે પણ પ્રાથમિક સુવિધાઓથી વંચિત રહ્યા છે અને સંઘર્ષ કરી રહ્યા છે.

ચૂંટણીમાં ભલે કોંગ્રેસની બેઠકો ઓછી રહી પરંતુ લોકોના દિલ સુધી પહોંચવામાં તે સફળ થઇ છે. ભાજપનું ગુજરાત મોડેલ એવું છે કે જયાં લોકશાહીના મંદિરમાં વિપક્ષના અવાજને સતત દબાવવાનો પ્રયાસ થાય છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સંસદીય ઇતિહાસમાં એવું પહેલીવાર બન્યુ હશે કે, જયારે પ્રજાનો મેન્ડેટ મળેલા ધારાસભ્યો હજુ એક મહિનાથી શપથ લઇ શકયા નથી. જે કમનસીબ ઘટના કહી શકાય. એક મહિનાથી વધુ સમય થવા છતાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ વિધાનસભાનો હિસ્સો બની શકયા નથી. કોંગ્રેસ આગામી દિવસોમાં ગૃહમાં ગુજરાતની પ્રજાની વેદનાને વાચા આપવા મહાત્મા ગાંધીની વિચારધારાને ધબકતી રાખી સરદાર પટેલની કાર્ય પધ્ધતિને સાર્થક કરવા અને પ્રજાને ભય, ભૂખ અને ભ્રષ્ટાચારની ચુંગાલથી મુકત કરાવવા પ્રયત્નશીલ રહેશે.

તોગડિયાને મળવા હાર્દિક અને મોઢવાડિયા પહોંચ્યા

તોગડિયાના નિવેદન બાદ તપાસની કોંગ્રેસની માંગ : પ્રવિણ તોગડિયા ભાજપની સાથે જોડાયેલા હોવાથી બધુ જાણે છે

અમદાવાદ, તા.૧૬

વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ પ્રવિણ તોગડિયાએ પોતાના

એન્કાઉન્ટરના કાવતરાની શંકા વ્યકત કર્યા બાદ આને લઈને રાજનીતિ શરૂ થઈ ગઈ છે.

પાટીદાર આંદોલન લીડર હાર્દિક પટેલ અને કોંગ્રેસના નેતા અર્જુન મોઢવાડિયા પણ મળવા માટે પહોંચ્યા હતા. ભાજપને ભીંસમાં લેવાની તૈયારી કોંગ્રેસે અને વિરોધીઓએ કરી હતી. તોગડિયાની પત્રકાર પરિષદ બાદ પાટીદાર અનામત આંદોલનના નેતા હાર્દિક પટેલ તેમને મળવા માટે પહોંચ્યો હતો. હાર્દિક થોડાક સમય સુધી રોકાયા બાદ રવાના થયા પછી કોંગ્રેસના નેતા અર્જુન મોઢવાડિયા પણ મળવા માટે પહોંચ્યા હતા. બંનેએ ભાજપ ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, વૈચારિક મતભેદો હોવા છતાં સુરક્ષાના મુદ્દા ઉપર તેમની સહાનુભૂતિ તોગડિયાની સાથે રહેલી છે. કોંગ્રેસ દ્વારા તોગડિયાને સમર્થન આપવાની બાબત તેમની સોફ્ટ હિન્દુત્વની રાજનીતિનો એક હિસ્સો છે. હાર્દિક પટેલે પોતાના ટ્વિટમાં કહ્યું હતું કે, ઝેડ પ્લસની સુરક્ષા હોવા છતાં તોગડિયા લાપત્તા થઈ જાય છે તે આશ્ચર્યની બાબત છે.

પોતાના ટ્વિટમાં તેમણે કહ્યું હતું કે, મનમોહનસિંહ સરકારમાં જો તોગડિયા લાપત્તા થયા હોત તો ભાજપ સમગ્ર દેશમાં હિંસા ફેલાવી દીધી હોત. ભક્ત લોકો જે કઈ બોલે છે તેમને બોલાવાનો અધિકાર છે. હાર્દિક બાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અર્જુન મોઢવાડિયા પણ પહોંચ્યા હતા. તેમણે કહ્યું હતું કે, તોગડિયા ભાજપ સાથે ખુબ નજીકથી જોડાયેલા છે. તેઓ ભાજપની હરકતોને જાણે છે. રાજસ્થાન પોલીસ પહેલા પણ અનેક બોગસ એન્કાઉન્ટર કરી ચુકી છે. આમા તપાસ થાય તે જરૂરી છે. ભાજપ પોતાના વિરોધીઓને દૂર કરવા માટે કોઇપણ હદ સુધી જવા માટે તૈયાર છે.

પ્રવિણ તોગડિયા : 'ટોક ઓફ ધ ટાઉન'

કાઇમ બ્રાંચને રાજનીતિક દબાવમાં કામ નહી કરવા સલાહ

ડો.પ્રવીણ તોગડિયાએ ગુજરાત સરકાર, રાજસ્થાન સરકાર અને રાજસ્થાન પોલીસને આ મામલામાં કલિનચિટ્ આપી હતી પરંતુ ગુજરાત પોલીસ સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા અને જણાવ્યું હતું કે, શું હું ગુનેગાર છું ? જો ના તો, પછી શા મારે ગુજરાત પોલીસ મારા રૂમનું સર્ચ વોરંટ લઈ કાર્યવાહી કરવા માંગતી હતી. તોગડિયાએ અમદાવાદ શહેર કાઇમબ્રાંચને પણ સીધી સલાહ આપતાં જણાવ્યું હતું કે કાઇમબ્રાંચે



કોઇપણ પ્રકારના રાજનીતિક દબાવમાં આવીને કામગીરી કરવી જોઇએ નહી. તોગડિયાના આ નિવેદન બાદ ફરી એકવાર શહે કાઇમબ્રાંચની તપાસ કામગીરી અને કાર્યપધ્ધતિ સામે સવાલો ઉઠયા છે.

તોગડિયાની બે બેગ અને બે મોબાઇલ ગુમ

ડો.પ્રવીણ તોગડિયાના ગઇકાલે ગુમ થયા સવારે ગુમ થયા બાદ મોડી રાત્રે શાહીબાગની ચંદ્રમણિ હોસ્પિટલમાં મળી આવ્યા બાદ પણ હજુ તોગડિયાના ગુમ થવાથી માંડી તેઓ મળી આવ્યા ત્યાં સુધીના ઘટનાક્રમમાં હજુ એવી કેટલીય કડીઓ છે કે જે શંકા જન્માવે છે અને વણઉકલી છે. ડો.તોગડિયા ગઇકાલે રાત્રે કોતરપુર નજીકથી અર્ધબેભાન હાલતમાં મળ્યા અને ત્યાંથી તેમને હોસ્પિટલ લઇ જવાયા તેવી વાત સામે આવી રહી છે પરંતુ આ સમગ્ર ઘટનાક્રમ ગળે ઉતરતો નહી હોવાની ચર્ચાએ ભારે જોર પકડયું છે. બીજીબાજુ, અત્યારસુધીની તપાસમાં ડો.પ્રવીણ તોગડિયાના બે મોબાઇલ ફોન અને બે બેગ ગુમ થઇ હોવાનું સામે આવ્યું છે. સમગ્ર પ્રકરણમાં પોલીસે ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

તોગડિયા સાથે રીક્ષામાં ધીરૂ કપૂરિયા હતો

ડો.પ્રવીણ તોગડિયા સાથે રીક્ષામાં બેસીને જનાર દાઢી વાળો માણસ કોણ હતો તે, સૌથી મોટો પ્રશ્ન ચર્ચાતો હતો પરંતુ આજે પોલીસ તપાસમાં સ્પષ્ટ થયું હતું કે, તોગડિયા સાથે રીક્ષામાં જનાર શખ્સ વિહિપ કાર્યાલયમાં જ કામ કરનાર ધીરૂભાઇ કપૂરિયા હતો. તોગડિયા તેની સાથે રીક્ષામાં બેસી સીધા તેના ઘેર પહોંચ્યા હતા, જયાં કપૂરિયાએ કલીનશેવ કરી હતી, બાદમાં બંને તેમના અન્ય મિત્ર ઘનશ્યામ કપૂરિયાના ત્યાં ગયા હતા. ઘનશ્યામના ઘરેથી ત્રણેય જણાં એકસાથે કોઇ કામ અર્થે નીકળ્યા હતા પરંતુ રાત્રે ડો.તોગડિયાને તેમના શરીરીમાં ઠંડી અને ધ્રુજારી ચડતાં ઘનશ્યામ કપૂરિયાએ તોગડિયાના ડ્રાઇવરના હેડ નિકુલને ૧૦૮ બોલાવવા જણાવ્યું હતું અને બાદમાં ડો.તોગડિયાને શાહીબાગની ચંદ્રમણિ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આ સમગ્ર ઘટનાક્રમની ક્રાઇમબ્રાંચ તપાસ ચલાવી રહી છે.

જનતાની સમસ્યા માટે ગૃહમાં કોંગ્રેસ આક્રમક દેખાવો કરશે : પરેશ ધાનાણી

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં નિષ્ક્રિય રહેનારા કોંગ્રેસ પક્ષના કાર્યકરો-આગેવાનો સામે કાર્યવાહી થશે : અશોક ગેહલોત

અમદાવાદ,તા. ૧૬

કોંગ્રેસ એક વિચારધારા છે અને વિધાનસભામાં હોશ અને જોશના સમન્વય સાથે કોંગ્રેસ આગળ વધશે. વિધાનસભામાં કોંગ્રેસ પક્ષ

ગુજરાતની જનતાની સમસ્યાઓના સમાધાન માટે આક્રમક અને મક્કમતાપૂર્વકનો દેખાવ કરશે એમ અત્રે કોંગ્રેસ પક્ષના (વિરોધપક્ષના) નેતા પરેશ ધાનાણીએ જણાવ્યું હતું. ધાનાણી તા.૨૨મી જાન્યુઆરીએ વિપક્ષના નેતા તરીકેનો ચાર્જ સંભાળશે. હોદ્દો સંભાળતાની સાથે જ તેઓ વિપક્ષના સાથીઓની બેઠક પણ યોજશે અને સરકારને વિધાનસભામાં ઘેરવાની રણનીતિ તૈયાર કરશે. જેમાં ખેડૂતો અને યુવાઓ મુદ્દે સરકારને ઘેરવાની સૌથી પહેલી પ્રાથમિકતા રહેશે. દરમ્યાન ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોતે ડો.પ્રવીણ તોગડિયાના રહસ્યમય પ્રકરણને લઈ ભાજપ સરકાર સામે ફરી એકવાર સવાલો ઉઠાવ્યા હતા અને પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ડો.તોગડિયાએ તેમના એન્કાઉન્ટરની દહેશત વ્યકત કરી છે, તે અંગે સરકાર-તંત્રએ તાકીદે ખુલાસો કરવો જોઈએ. આજે દેશમાં હિંસા અને નફરતના રાજકારણમાં લોકો જીવી રહ્યા છે. ભાજપની ડરાવવાની અને રાજ કરવાની રાજનીતિ ફરી એકવાર પ્રજામાં ખુલ્લી પડી ગઈ છે. તેમણે રાહુલ ગાંધીને ચૂંટણી પંચે નોટિસ આપ્યા બાદ પાછી ખેંચી લેવા અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા. ગેહલોતે એ મુદ્દે પણ સ્પષ્ટ કર્યું હતું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણી વખતે નિષ્ક્રિય રહેનાર અને પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનાર કાર્યકરો-આગેવાનો વિરૂધ્ધ પક્ષ દ્વારા શિક્ષાત્મક કાર્યવાહી થશે જ.

કોંગ્રેસ પક્ષમાં અનુશાસનહીનતા કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાશે નહી. સંગઠનમાં પણ જે કોઇ કસૂરવાર હશે તેઓની સામે પણ પગલાં લેવાશે. તેમણે ઉમેર્યું હતું કે, પક્ષના હાઇકમાન્ડ દ્વારા આ અંગેના અહેવાલને ધ્યાનમાં લીધા બાદ નિર્ણય લેવામાં આવશે.

દૂધ ઉત્પાદકોને અન્યાય થતાં ઉગ્ર રોષ વ્યાપ્યો

ગાંધીનગર, તા. ૧૬

દૂધસાગર ડેરી મહેસાણાના દૂધ ઉત્પાદકોને થતા અન્યાય સામે દૂધ

ઉત્પાદકોમાં ઉગ્ર રોષ ફેલાયો છે. વહાલા દવલાની નીતિથી અન્યાય થઈ રહ્યો છે.

દૂધસાગર ડેરી મહેસાણાથી દિલ્હીમાં અમુલ દૂધના નામે પહોંચાડતુ હતુ. જેમાં ૨૦૧૫ની સાલમાં ૧૫ લાખ લીટર પહોંચાડ્યુ હતુ. જે ૨૦૧૭માં નવ લાખ લીટર દૂધ પહોંચાડેલ હતુ. જેમાં બાકીના દૂધનો પાવડરને ઘી બનાવીને સ્ટોક કરવામાં આવેલ છે. જેથી દૂધ ઉત્પાદકોને પુરતા ભાવ મળેલ નથી. ૩૪૦૦ કરોડનો સ્ટોક પડી રહેલ છે.

આ અંગે સરકાર ગંભીરતા લઈને દૂધ પાવડર મધરડેરી ભાટ ખાતે સ્ટોક કરીને ૮૦ ટકા નાણાં આપે અથવા તમામ દૂધનો સ્ટોક દિલ્હી પહોંચાડે તો દૂધ ઉત્પાદકોને ભાવ મળી રહે. સદરલાભ મહેસાણા જિલ્લામાં ગાંધીનગર જિલ્લાના માણસા-કલોલના ઉત્પાદકોને અંદાજિત ૭ લાખ દૂધ ઉત્પાદકોને લાભ થઈ શકે.

મહેસાણા ડેરીમાં કરોડોનો માલ વેચાણ વગર પડી રહેલ છે. જેથી દૂધ ઉત્પાદકોને નુકશાન થાય છે. ગુજરાત ખેડૂત હિત રક્ષક સમિતિના સાગરભાઈ રબારી, ચૌધરી પિથુભાઈ, ચૌધરી રામુભાઈ, પટેલ અશોકભાઈ, ચૌધરી ભરતભાઈએ જમાવેલ છે.

આવતીકાલથી આઈઆઈપીએચજી ખાતે હેલ્થ કોન્કલેવનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા. ૧૬

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લિક હેલ્થ, ગાંધીનગર દ્વારા ૧૮ થી ૨૦ જાન્યુઆરી દરમ્યાન પ્રથમ સ્ટુડન્ટ પબ્લિક હેલ્થ કોન્કલેવનું આયોજન કરવામાં આવેલ છે. જેનું નામ એસીસ ૨૦૧૮ રાખવામાં આવેલ છે. કોન્ફરન્સનો વિષય ભારતમાં પબ્લિક હેલ્થ કેડરના વિકાસ માટે સમર્થન આપવા શૈક્ષણિક સંસ્થાઓ અને વ્યવસાયિક સંસ્થાઓના નેટવર્કનું નિર્માણ કરવાનું છે. જે ૪૦૦થી વધારે આરોગ્ય શાખાના વ્યવસાયિકો, નીતિ ઘડવૈયાઓ, સંશોધકો અને ૬ થી વધારે પબ્લિક હેલ્થ કોલેજોના વિદ્યાર્થીઓને ઉત્તમ મંચ પ્રદાન કરશે. એસીસ ૨૦૧૮ માટે ભાગીદાર સંસ્થાઓમાં એઈમ્સ જોધપુર, આઈઆઈપીએચ, દિલ્હી, મનિપાલ યુનિવર્સિટી, દત્તા મેઘે ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સીસ-સ્વાંગી વર્ધા, જોધપુર સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થ અને પારૂલ યુનિવર્સિટી વાઘોડિયાનો સમાવેશ થાય છે.

એસીસ-૨૦૧૮માં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત સરકાર, ટીબી શાખા ભારત સરકાર, એસ્સાર ઓઈલ, ગ્લોબલ હેલ્થ સ્ટ્રેટેજિસ, આઈપીઈ ગ્લોબલ, શેલ્બી ગ્રુપ ઓફ હોસ્પિટલ્સ, ટાટા ટ્રસ્ટ, યુએસએઆઈડી ત્રિધી પ્રોજેક્ટ, અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન, સીમ્સ હોસ્પિટલ અને એપોલો હોસ્પિટલ દ્વારા સહયોગ આપવામાં આવેલ છે. ઉદ્ઘાટનનો સમારંભ ૧૮મી જાન્યુઆરીના રોજ કમીશનર ઓફ હેલ્થ-ગુજરાત, મિશન ડાયરેક્ટર-નેશનલ હેલ્થ મિશન ઓફ ગુજરાત અને ડેપ્યુટી કમીશનર-ચાઈલ્ડ એન્ડ એડોલેસન્ટ હેલ્થ, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવશે.

કાઈમ બ્રાન્ચ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેથી સોલા પોલીસના માણસોએ રાજસ્થાન પોલીસની મદદના ભાગરૂપે રાજસ્થાન પોલીસની સાથે ડો.તોગડિયાના ૩૪, ભાગવત બંગલોઝ, થલતેજ ફાયરસ્ટેશન પાસે ગયા હતા પરંતુ તેઓ ત્યાં મળ્યા ન હતા. તેથી રાજસ્થાન પોલીસ પરત આવી સોલા પોલીસ સ્ટેશનમાં ૧૧-૫૫ વાગ્યે એન્ટ્રી કરી હતી કે, ડો.તોગડિયા મળી આવ્યા નથી અને ત્યારબાદ તેઓ રાજસ્થાન પરત રવાના થયા હતા. દરમ્યાન ગઈકાલે રાત્રે એક વાગ્યે પાલડી સ્થિત વિહિપના કાર્યાલય ખાતે પહોંચ્યા હતા અને બીજા દિવસે બપોરે અઢી વાગ્યે પરત આવવાની સૂચના આપી પોતાની સાથેના કોન્વોયને છૂટા કર્યા હતા. તેમ જ ત્યાંની સ્થાનિક ગાર્ડના એસઆરપીના જવાન વિક્રમસિંહને જણાવેલ કે, હું મારા અંગત કામે બહાર જાઉ છું,આપ અહીં રોકાવ ત્યારબાદ ડો.તોગડિયા એક દાઢીવાળા શખ્સ સાથે કાર્યાલયની બહાર નીકળી ગયા હતા. તપાસ દરમ્યાન જાણવા મળ્યું હતું કે, આ શખ્સનુંનામ ધીરૂભાઈ કપૂરિયા છેઅને તે વિહિપના કાર્યકર છે. ત્યાંથી ડો.તોગડિયા અને ધીરૂભાઈ બંને જણાં તેમના સાથીમિત્ર ઘનશ્યામ ચરણદાસના ત્યાં થલતેજ ખાતેના સંગીની બંગલોઝ ખાતેના નિવાસસ્થાને પહોંચ્યા હતા. એ વખતે રસ્તામાં તેઓએ તેમનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો. ૧૧-૩૧ મિનિટે તેઓ ઘનશ્યામ ચરણદાસના બંગલે પહોંચી ગયા હતા, જે સીસીટીવી ફુટેજમાં સ્પષ્ટ દેખાય છે. પ્રવીણભાઈને ત્યાં ઉતાર્યા બાદ ધીરૂભાઈ થોડો સમય રોકાઈ બપોરે બે વાગ્યે નહેરુનગર આવી પોતાનો ફોન સ્વીચ ઓફ કરી દે છે. એ પછી સાંજે ૭-૫૨ મનિટે ઘનશ્યામ ચરણદાસ પોતાના ડ્રાઈવર નિકુલ રબારીને બોલાવી પોતાની કાર મારફતે પ્રવીણભાઈને લઈને નીકળી સરદારનગર ખાતે ૮-૩૩ વાગ્ય પહોંચે છે.

શિક્ષકોની ઘટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ ન્યાય મળતો નથી. આ સ્થિતિને ધ્યાને લઈ આજે એન એસ યુ આઈ ના ઉપપ્રમુખ અમિત પારેખે પ્રાથમિક શિક્ષણ નિયામક બી એમ જોષી ને રજુઆત કરી હતી. એન એસ યુ આઈ સાથે શિક્ષણ ક્ષેત્રે ભરતીના અભાવે બેરોજગાર બેઠેલા ૧૫૦ થી પણ વધુ ઉમેદવારો પણ આ રજુઆતમાં જોડાયા હતા. ટેટ ટુ ની પરીક્ષા પાસ કરી હોય તેવા ઉમેદવારો શિક્ષકોની ભરતીની વાટે છે. ત્યારે આ ઉમેદવારો પણ આ રજુઆતમાં સામેલ થયા હતા. આ દરમિયાન રાજયની શાળાઓમાં ધોરણ ૬ થી ૮ માં ૧૩ હજાર શિક્ષકોની ઘટ પુરવા માટે પણ તેમણે રજુઆતમાં જણાંવ્યુ હતુ.

કાયદેસરતા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે કહ્યું કે પાલજમાં મહાકાળી માતાનું મંદિર અને તેની સામે હોળી પ્રગટાવવામાં આવે છે તે અમારા વડીલોના વડીલોએ બનાવેલુ છે હવે ક્યાં સનદ લેવા જઈશુ. ઈન્દ્રોડામાં ઈન્દ્રાણી માતા હોય કે બળિયાદેવનું મંદિર આ બધા પુરાણા મંદિર છે.

કોંગ્રેસના જ જીતુ રાયકાએ મંદિરોમાં રાજકારણ ના લાવવુ જોઈએ. એ શ્રદ્ધા અને લાગણીના સ્થાનો છે. તેમણે કહ્યું કે નવરાત્રી પર્વની ઉજવણી થાય છે ત્યારે આપણે સૌ આરતી ઉતારવા જઈએ જ છીએ. લાગણી અને શ્રદ્ધાના પુરાવા ના હોય. ભાજપના કાર્તિક પટેલ, મનુભાઈ પટેલે ધાર્મિક સ્થાનોની કાયદેસરતા ચકાસવી એ જરૂરી છે. શ્રદ્ધા અને લાગણી સાથે બધી બાબતો જોડવી યોગ્ય નથી. આ પછી કોંગ્રેસના શૈલેન્દ્રસિંહ, હસમુખ મકવાણા અને અન્ય સભ્યો ઉશ્કેરાટમાં આવ્યા હતા પરંતુ મેયરે સમયસૂચકતા વાપરી પ્રસ્તાવને સરકારને મંજૂરી માટે મોકલવાનો સુઝાવ રજુ કરી વિવાદને વકરતો અટકાવ્યો હતો અને સૌને આ મુદ્દે સહમત પણ કર્યા હતા. ધાર્મિક સ્થાનોના મુદ્દા પછી પબ્લીક હેલ્થ બાયલોઝને મંજૂરીનો મુદ્દો ચર્ચામાં આવ્યો હતો ત્યારે કોંગીના ચીમનભાઈ વિંઝુડાએ શૌચાલયો શહેરમાં પુરા બન્યા નથી અને સ્વચ્છતાનો દંડ ફટકારવાની વાત બરાબર ના કહી શકાય. હજુ વિરોધની વધુ વાત રજુ કરે તે સાથે જ મેયરે સભાને સંબોધતાં જણાવ્યું હતું કે આપણે પહેલાં પણ પસાર કરેલ છે. આ પછી વાંધા-સૂચનો માંગવામાં આવ્યા હતા અને તેમાં એક પણ વાંધા-સૂચન ના મળતાં આપણે મંજૂર કરીએ છીએ. બીજુ શૌચાલયો બનાવવામાં ગતિ આવે તે માટે તંત્રને સૂચના આપી છે. આ ઉપરાંત આ બાયલોઝનો અમલ સરકારની મંજૂરી પછી ગેઝેટમાં પ્રસિદ્ધ થાય ત્યારથી કરવાનો રહેશે એટલે તેને પસાર કરીએ છીએ. આમ ૧૦ મિનિટની ચર્ચાને અંતે બન્ને મુદ્દાઓ પરની કામગીરી પૂરી થતાં મેયરે સભાનું કામકાજ પૂર્ણ થયાની જાહેરાત કરી હતી.

૨૦ બસો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફાળવવામાં આવી છે. જેના લીધે ગાંધીનગર અમદાવાદ વચ્ચેનો શહેરી બસ રૂટ પ્રભાવિત થશે.સ્થાનિક અપડાઉન કર્તાઓ તેમજ વિદ્યાર્થીઓને પણ શહેરી બસ માટે ફાફાં મારવા પડશે. એક દિવસ માટે શહેરી બસ સેવાના રૂટમાં કાપ આવશે.

સબસિડી બંધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખતમ કરવા માટે કહ્યું હતું. ત્યારબાદથી હજ સબસિડી પરત લેવાને લઈને નીતિ તૈયાર કરવામાં આવી રહી હતી. ખર્ચ વધી ગયા બાદ સરકાર હવે હવાઈ માર્ગની સાથે સાથે દરિયાઈ માર્ગે પણ હજયાત્રા શરૂ કરવાની યોજના ધરાવે છે. દરિયાઈ માર્ગ મારફતે હજયાત્રા ૧૯૯૫ સુધી જારી હતી પરંતુ ત્યારબાદ આને બંધ કરવામાં આવી હતી. મુખ્તાર અબ્બાસ નકવીએ આજે કહ્યું હતું કે, હજ સબસિડીના ફંડને મુસ્લિમ યુવતીઓ અને મહિલાઓને શિક્ષણ ઉપલબ્ધ કરાવવા ઉપર ખર્ચ કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, સબસિડીનો લાભ એજન્ટો ઉઠાવી રહ્યા હતા જેથી હજ સબસિડી બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

તકેદારી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પુરતા પ્રમાણમાં નથી. ટુરિંગ બાદ માર્ગો વાહન ચલાવવા લાયક રહ્યા નથી. આવી સ્થિતીમાં માર્ગોની સ્થિતીને પણ સુધારી દેવાની જરૂરીયાત દેખાઈ રહી છે. ચીન ભારત પર વારંવાર દબાણ લાવતુ રહે છે. અરુણાચલ પ્રદેશના અપર સિયાંગ જિલ્લામાં હાલત ખુબ જ કફોડી બનેલી છે. ટૂરિંગથી ૧૦થી ૧૫ કિલોમીટરના અંતરે સ્થિત વાસ્તવિક અંકુશરેખા નજીક પાકા રસ્તાઓ નથી. પહોંચવામાં સાત કલાકનો સમય લાગે છે.

પ્રભાવિત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બંને વીઆઈપીના સત્તાવાર કાર્યક્રમ જાહેર થઈ ગયા બાદથી આની તૈયારીઓ ચાલી રહી હતી. નેતાન્યાહૂ રવિવારના દિવસે દિલ્હી પહોંચ્યા હતા. અત્રે નોંધનીય છે કે, છ દિવસના ભારત પ્રવાસે રવિવારે પહોંચેલા ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતાન્યાહૂ અને ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે હૈદરાબાદ હાઉસમાં ઐતિહાસિક શિખર બેઠક યોજી હતી ત્યારબાદ સંયુક્ત પત્રકાર પરિષદ પણ યોજી હતી. બંને દેશો વચ્ચે નવ સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

ખતરનાક કાવતરું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તમારું એન્કાઉન્ટર કરવા કેટલાક લોકો આવ્યા છે. જો કે, તેમણે તે વ્યકિતને જણાવ્યું કે, હું એન્કાઉન્ટરથી ડરતો નથી. ત્યારબાદ હું વીએચપી કાર્યાલયની બહાર આવ્યો હતો. જયાં બે પોલીસવાળા બેઠા હતા. એ વખતે મારા મોબાઈલ પર ફોન આવ્યો હતો કે, સોલા પોલીસ સ્ટેશનમાં રાજસ્થાન પોલીસનો કાફલો આવ્યો છે અને ગુજરાત પોલીસની મદદ લઈ નીકળી રહ્યો છે. કંઈક દુર્ઘટના થશે તો, દેશભરમાં સમસ્યા ઉભી થશે તેવી દહેશતથી હું માત્ર પૈસાનું પાકીટ લઈ શાલ ઓઢી કાર્યાલયથી પોલીસને હું આવું છું એમ કહી નીકળ્યો હતો. કાર્યાલયની બહારથી હું એક કાર્યકર્તા સાથે રિક્ષામાં થલતેજ જવા નીકળ્યો હતો. રસ્તામાં મેં રાજસ્થાનના મુખ્યમંત્રી અને ગૃહરાજય પ્રધાનને ફોન કરી પૃચ્છા કરી હતી કે, મારી ધરપકડ માટે રાજસ્થાન પોલીસ અહીં આવી છે? બંને મહાનુભાવોએ તેમની ધરપકડ માટે રાજસ્થાન પોલીસ આવી નહી હોવાનું જણાવ્યું હતું.

હેલ્લો ફ્રેન્ડ્સ! ● ૪ પાનાનું ચાલુ...

એન્ડ વ્હાઈટ પડદો જ અવેલેબલ હતો. સિનેમા થિયેટરમાં પણ એક જ પડદો પણ માંકડ-મચ્છર અનેક હતા. પંખાની હવામાં સીંગ-ચણા ફાંકતાં તેઓ અમિતાભ - રેખાના પિક્ચર જોતાં. અને આ લોકો કેટલીએ વાર બસો-પાંચસોની ટિકીટમાં ગરમાગરમ કોર્ન કો પોપકોર્ન - કોક સાથે બાહુબલીનો રોમાંચ મલ્ટીપ્લેક્સમાં મેળવે છે... આપણે જનમથી જ ઈન્ટરનેટ, મોબાઈલ, સુપર માર્કેટ, મોલ અને ટ્યુશન કલાસિસ જોયાં છે! અને આમનાં મા-બાપને આ વસ્તુઓ જોવા ૩૫ વર્ષની તપશ્ચર્યા કરવી પડી છે.

હવે સંવાદ કરવાના સાધનો એટલા વધી ગયા છે કે માણસોને ટેક ઈટ ગ્રાન્ટેડ કરવા લાગ્યા છીએ. લવ યુ, મિસ યુ, અમેઝિંગ, ઓસ્સમ... શબ્દો તો હોસલેસના ભાવે વપરાય છે. ભાવના-સંવેદના - સ્પર્શ બધું જ મોબાઈલની ટચસ્ક્રિન પર આવ્યું છે, એટલે આ જનરેશન ફોટો, વીડિયો અને ઈમોજીને જ પોતાની ભાષા કે દુનિયા સમજે છે. ચકચકીત મોબાઈલ અને સ્કિનગાર્ડ સાથેના મોબાઈલમાં મસ્ત આમને ધૂળિયા જિંદગી અને એમાંય હાડ-માંસના માનવીના સ્પર્શની કિંમત કરાવવી પડે એવો સિનારીયો છે. મા-બાપ અને માસ્તર સાથે કન્વર્ઝેશન કરવાની જરૂર છે જયાં ટેકનોલોજીની જરૂર નથી!

આજે ભરપૂર ઓપ્સન્સ છે. પ્રત્યેક સ્ટેજ પર ચોઈસ મળે છે. માહિતી-સંવાદ-પ્રોડક્ટસ બધાનું મહાપુર છે. કરિયર માટે અઢળક દિશાઓ છે. વર્ચ્યુઅલ લાઈફ, આકર્ષણ અને ખરી-ખોટી વાયરલ થતી માહિતીનું પણ મહાપુર છે. એમને ચોઈસ કરવા પણ મા-બાપનું ફિડમ છે અને એટલે જ એડલ્ટ એટીનની આ જનરેશને ચોઈસમાં ચોક્કસ થવું પડશે. ડિઝિટલ લાઈફમાં નેટવર્ક ફાસ્ટ છે, હરિફાઈ ગળાકાપ છે, તમારી પાસે ચોઈસ છે તો તમને કામ આપનાર કે લેનાર પાસે પણ ચોઈસ છે. સો ડિયર એટીન યંગમેન 'ચોઈસ ફ્રી માં નહીં હોતા, ઉસપે ડિસ્કાઉન્ટ ભી નહીં મિલતા બૉસ!'

ચૂંટલો :

અઢારમું વર્ષ એટલે ટર્નિંગ પોઈન્ટ. વ્હિકલ લાઈસન્સ તો મળી જાય પણ જો ગિયર વ્યવસ્થિત પાડે કે બ્રેક ટાઈમે મારે તો ઠીક બાકી ગાડી સ્લીપ થવાની પુરી શક્યતા... અઢાર મેં વર્ષે ઘણી બધી વસ્તુની સ્વતંત્રતા મળે છે અને સાથે જવાબદારી પણ, કરિયર અને યુવાની બંને સાથે જ આવે છે, બેલેન્સ કરના જરૂરી હૈ દોસ્ત !

ટુંકી મુદતની જાહેર નિવિદા નં.૩ સને ૨૦૧૭-૧૮

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૧૦, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, પ્રથમ માળ, ગાંધીનગર (ટેલીફોન નં. ૨૩૨૫૯૧૬૮)ની કચેરીએથી અંદાજીત કિંમત રૂ. ૨.૦૪ લાખ અને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં. ૧૮, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, બીજો માળ, ગાંધીનગર, (ટેલીફોન નં. ૨૩૨૫૬૦૩૨)ની કચેરીએથી અંદાજીત કિંમત રૂ